## તંત્રી સ્થાનેથી......

વલસાડ જિલ્લાના ઉમરગામના ધોડીપાડાના સાંસ્કૃતિક કોમ્યુનિટી હોલ ખાતે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમનો શુભારંભ આદિવાસી કૂળદેવી કનસેરી માતા, ભારતમાતા, આદિવાસી દેવીદેવતાઓ અને ભગવાન બિરસામુંડાની પુજા-અર્ચના અને પુષ્પ અર્પણ કરી કરવામાંઆવ્યો હતો. રક્ષાબંધન અને ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણીની શુભકામના પાઠવતા મંત્રીશ્રીએ કહ્યુંહતું કે, ગુજરાતના ૧૦૧ તાલુકાઓના આદિવાસી વિસ્તારના ૪૨૬૫ ગામોમાં મહત્તમ આદિવાસી વસ્તી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંતુલિત વિકાસ સાધવા આદિવાસી વિસ્તારો માટે અલાયદાબજેટ મારફતેવનબંધુ યોજનાનીશરૂઆત કરાવીહતી. રૂ.૧ લાખ કરોડ ના આ બજેટ હેઠળ પાણી, આવાસ, વીજળી, હોસ્ટેલ, આશ્રમશાળા, ખેતીવાડી વગેરે ક્ષેત્રે કામો દ્વારા આદિવાસી વિસ્તારોનો અભૂતપૂર્વવિકાસ થયોછે. ભગવાનબિરસમુંડાએ દેશનીઆઝાદી માટે શહીદી વહોરી એ અતુલ્ય છે. ગુજરાતના આદિવાસીઓનો પણ સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો રહ્યો છે. આ અવસરે મંત્રીશ્રીના અને મહાનુભાવોના હસ્તે વ્યક્તિગત યોજનાના લાભાર્થીઓને વિવિધ સહાય યોજનાના મંજૂરી હુકમ, અધિકાર પત્ર અને આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવીનું વિતરણ કરવામાંઆવ્યું હતું. ઉમરગામ તાલુકામાં ન્યુ પેટર્ન, પ્રધાનમંત્રી આદિ આદર્શ યોજના, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને સરકારી છાત્રાલયના કુલ રૂ. ૧૮.૯૩ કરોડના કુલ ૭૪ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ તેમજ ન્યૂ ગુજરાત પેટર્નના રૂ. ૧૨.૫ કરોડના કુલ ૧૦૨ કામોનું ઈ- ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથેસાથે તેજસ્વી વિદ્યાર્થીઓ, ખેલાડીઓ, શ્રેષ્ઠ પશુપાલકો, ખેડૂતો અને ઉચ્ચ પ્રદર્શન કરનાર શાળાઓનું સન્માન પણ કરાયુંહતું. ઉમરગામ ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણીની શુભકામનાઓ પાઠવી આ દિવસની ઉજવણીનું મહત્વ સમજાવતું પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત અને નૃત્ય રજૂ કર્યું હતું તો વિદ્યાર્થીઓએ પરંપરાગત આદિવાસી વેશભૂષામાં આદિવાસીઓની વિભિન્ન લોક સંસ્કૃતિક દર્શાવતું લોકનૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. વલસાડના જિલ્લા પ્રાયોજના વહીવટદારશ્રી કાર્તિક જીવાણીએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો.

# સિંહ સંરક્ષણ માટે 'ગીરની દિવાળી'નું અનોખું પર્વ: સાવરકુંડલામાં ૩,૦૦૦ થી વધુ લોકોની મહારેલી

કમલમ્, સાવરકુંડલા, ગુજરાત – વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સાવરકુંડલા ખાતે સિંહ સંરક્ષણ માટે એકભવ્ય અને દિવ્ય મહારેલીનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩,૦૦૦ થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈને સિંહ સંરક્ષણમાટેનો સંકલ્પ લીધો, જેના કારણે સાવરકુંડલામાં 'ગીરની દિવાળી' જેવો માહોલ છવાઈ ગયો હતો. આ પ્રસંગે, ગુજરાતના સિંહ સંરક્ષણના પ્રયાસોનું ગૌરવપૂર્ણ પરિણામ પણ જાહેર થયું છે. ૨૦૨૫ની વસ્તીગણતરી મુજબ, એશિયાટિક સિંહોની સંખ્યા વધીને ૮૯૧ થઈ છે.

આ વધારો ગુજરાત સરકારના વન વિભાગના સંરક્ષણ પ્રયાસોની સફળતા દર્શાવે છે. ખાસ કરીને, અમરેલી જિલ્લામાં એકલા ૩૩૯ સિંહો નોંધાયા છે, જે આ વિસ્તારને સિંહોના સંવર્ધન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવે છે. મહારેલીમાં સાવરકુંડલાના વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો, પર્યાવરણ પ્રેમીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ તમામ લોકોએ એકસાથે મળીને સિંહ સંરક્ષણના સંદેશને મજબૂત બનાવ્યો. આ સામૂહિક ભાગીદારી એ વાતનો પુરાવો છે કે સિંહ સંરક્ષણ એ માત્ર સરકારી કાર્યક્રમ નથી, પરંતુ સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે સાવરકુંડલા નોર્મલ રેન્જના આરએફસી પ્રતાપભાઈ ચાંદુ, આરએફઓ ભરતભાઈ ચાંદુ, તાલુકા શિક્ષણ અધિકારી સરવૈયા સાહેબ, બીઆરસી કોર્ડીનેટર તુષારભાઈ જાની, તાલુકા કોર્ડીનેટર સતીશભાઈ પાંડે, વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ અને વન વિભાગની ટીમના સહિયારા પ્રયાસો નોંધનીય રહ્યા છે. આ મહારેલી દ્વારા, સાવરકુંડલાના નાગરિકોએ સિંહ સંરક્ષણ માટેની પોતાની પ્રતિબદ્ધતા પુનરાવર્તિત કરી છે અને ભવિષ્યમાં પણ આ પ્રયાસો ચાલુ રાખવાનો સંકલ્પ લીધો છે.



## બ્રહ્માકુમારીઝ સેક્ટર.૨૮ દ્વારા લોદરીયા પરિવાર ઉમિયા કન્યા છાત્રાલય સેક્ટર.૨૩ કડી કેમ્પસની બાળાઓને મળી પરમાત્મ રક્ષા.



કમલમ્,
આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજીની આગેવાનીમાં ગાંધીનગરના સેક્ટર. ૨૩ કડી કેમ્પસ માં આવેલ લોદરીયા પરિવાર ઉમિયા કન્યા છાત્રાલયમાં રક્ષાબંધન સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં બી.કે.કૃપલબેન, બી.કે.ટીનાબેન, બી.કે.આરતીબેન અને બી.કે.આશાબેન દ્વારા છાત્રાલય નિયામક, વ્યવસ્થાપક, છાત્રાઓ અને સ્ટાફને રક્ષાબંધનનું મહત્વ સમજાવ્યા બાદ સૌનો નિસ્વાર્થ, પરમસત્ય અને સદા રક્ષક પરમાત્મા તરફ ઈશારો કરી તે રક્ષક ને દિલથી યાદ કરવાની વિધિ શીખવાડવામાંઆવેલ. સૌને આત્મિક સ્મૃતિનું તિલક અંકિત કરી ઈશ્વરીય શક્તિયુકત રાખડી બાંધવામાંઆવેલ, પ્રભુ પ્રસાદથી મુખ મીઠુ કરાવવામાં આવેલ અને બુરાઈઓ ને છોડવાની પ્રતિજ્ઞા કરાવવામાં આવેલ.

## ઉમરપાડા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીની ઉજવણી

**જનજાતિય ગૌરવ વર્ષ - માત્ર ઉત્સવ જ નહીં, તે સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, કલા અને અસ્મિતાને માણવાનો અવસર પણ છે :ધારાસભ્યશ્રી ગણપતભાઇ વસાવા**



કમલમ્, સુરત
ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ અને જનજાતીય ગૌરવ વર્ષની ઉમરપાડા ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી આવી હતી. ધારાસભ્યશ્રી ગણપતભાઈ વસાવા એ આદિવાસીઓની કુળદેવી યાહા મોગી માતાની આરતી પૂજા કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે શ્રી ગણપત વસાવા એ જણાવ્યું હતું કે, જનજાતિય ગૌરવ વર્ષ - માત્ર ઉત્સવ જ નહીં, તે સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, કલા અને અસ્મિતાને માણવાનો અવસર પણ છે. દેશની આઝાદી અને આદિવાસી સંસ્કૃતિના જતન માટે તેમનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રી સહિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સહાયના ચેકોનું વિતરણ કરવામાંઆવ્યું હતું. આદિવાસી સંસ્કૃતિને લગતા વિવિધ નૃત્યો રજૂ કરાયા હતા તેમજ જય જોહાર ના નારા સાથે વિશાળ રેલી પણ નીકળી હતી. આ અવસરે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રમેશભાઈ વસાવા, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી રાજુભાઈ વસાવા, શ્રીમતી દરિયાબેન વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી અમિષભાઈ વસાવા, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકો વિકાસ અધિકારીશ્રી, જિલ્લા-તાલુકાના ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓ, સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,
સિદ્ધપુર ખાતે વિશ્વ આદિવાસી ગૌરવ દિવસના અવસરે કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, સિદ્ધપુર ભીલવાસથી એક ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે મહાન આદિવાસી નાયક બીરસામુંડાજીની યાદ કરી, તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને તેમની બહાદૂરી અને આદિવાસી હિત માટેના તેમના યોગદાનને શ્રદ્ધાંજલિ પાઠવી. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી તમામ યોજનાઓ આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે જ છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર, આવાસ, મહિલા સશક્તિકરણ જેવી અનેક જાગૃતિલક્ષી અને લાભલક્ષી યોજનાઓના માધ્યમથી આદિવાસી સમાજને નવી દિશા અને વિકાસ તરફ લઈ જવામાં આવી રહ્યા છે. આજનો કાર્યક્રમ આદિવાસી વારસાની ગૌરવગાથાને ઉજાગર કરે છે અને ભવિષ્યમાં વધુ સશક્ત સમુદાયના નિર્માણ માટે પ્રેરણા આપે છે. આ કાર્યક્રમમાં શ્રી વિપુલભાઈ રાણા, શ્રી સુરેશભાઈ ભીલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી રણજીતભાઈ સોલંકી, શ્રી અંકુરભાઈ મારફતિયા, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી જયેશભાઈ પંડ્યા, શ્રી મિહિર ભાઈ પાધ્યા, શ્રી જે. ડી પટેલ, શ્રી ભરતભાઈ મોદી, સર્વે આયોજકો, સંગઠનના હોદ્દેદારો, તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,
કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર પરિવારની સાથે ઉત્સાહપૂર્વક ઉજવ્યો. બહેનના પ્રેમથી સ્નેહભરેલી રાખીએ ન માત્ર હાથ બાંધ્યો, પણ હૃદયમાં એક અદૃશ્ય વચન પણ બાંધ્યો – સુરક્ષા, સહારો અને જીવભરનો સાથ આપવાનો. આ શુભ અવસરે ઈશ્વર પાસે દિલથી પ્રાર્થના કરી હતી કે બહેનોના જીવનમાં હંમેશાં ખુશીઓ છલકાય, એ સદા સ્વસ્થ રહે, સમૃદ્ધિ સાથે એમની દરેક મનોકામનાઓ પૂર્ણ થાય. તમામ બહેનોને રક્ષાબંધનના આ પવિત્ર તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ તમારું જીવન ભાઈના પ્રેમ અને વિશ્વાસના આશીર્વાદથી હંમેશા ઉજળતું રહે.

## વિશ્વ આદિવાસી દિવસ અને ૧૫૦મી બિરસા મુંડા જન્મ જયંતિ અવસરે રાનકુવા હાઈસ્કૂલ ની વિદ્યાર્થીની હેની પટેલ નું સન્માન



કમલમ્, મયુર પટેલ
નવસારી જિલ્લા વહીવટ તંત્ર દ્વારા તેમજ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોના સંકલનથી ખેરગામ એપીએમસી ખાતે બિરસા મુંડા ૧૫૦ મી જન્મ જયંતિ તેમજ વિશ્વ આદિવાસી દિવસ ૯ ઓગસ્ટ ના સુભગ સમન્વય અવસરે ઉજવણી કરવામાં આવી આ અવસરે નવસારી જિલ્લાના શિક્ષણ વિભાગના પ્રતિભાશાળી આદિવાસી બાળકો કે જેમણે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં જિલ્લામાં ભવ્ય સફળતા પ્રાપ્ત કરી એમનો સન્માન કરવામાંઆવ્યું બી એલ પટેલ સર્વવિદ્યામંદિર રાનકુવા ધોરણ ૯ થી ૧૨ ના ૧૪૦૦ બાળકો અભ્યાસ કરે છે ૯૯% બાળકો આદિવાસી અંતરિયાળ વિસ્તારમાંથી શિક્ષણ અર્થે આવે છે અનેક બાળકોએ ડોકટર એન્જિનિયર અને વિવિધ હોદ્દા ઉપર ફરજ બજાવીને કારકિર્દી બનાવી છે આ જ રીતે ધોરણ ૧૦ ની વિદ્યાર્થીની હેની પટેલ બોર્ડની પરીક્ષામાં ૯૬.૧૩% પ્રાપ્ત કરીને ગ્રાન્ટેડ શાળાની અંદર પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો જેમનું અભિવાદન મંચપરથી ભૂતપૂર્વક કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય નરેશભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ રાકેશભાઈ તેમજ અન્ય આદિવાસી મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યો દર વર્ષે વિશ્વ આદિવાસી દિવસે દિવસે રાનકુવા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો સન્માન ની યાદીમાં નામ હોય જ છે શાળાએ ગુણોત્સવમાં પણ એ પ્લસ ગ્રેડ પ્રાપ્ત કરીને રાજ્ય કક્ષાએ ગુણવત્તાલક્ષી શિક્ષણ ક્ષેત્રે એક નામના ઊભી કરી છે શાળાની અંદર શૈક્ષણિક સહ અભ્યાસ પ્રવૃત્તિ બાબતે તાલુકા જિલ્લા રાજ્ય અને નેશનલ સુધી અનેક બાળકોએ સફળતા પ્રાપ્ત કરી છે શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીની હેની ને અભિનંદન પાઠવ્યા છે રક્ષાબંધનના તહેવાર અવસરે શાળાની શિક્ષિકા સપનાબેન પટેલ દ્વારા એસ્કોર્ટ ની કામગીરી કરીને વિદ્યાર્થીનીને આ અભિવાદન પ્રાપ્ત કરવા માટે ભાગીદાર બન્યા હતા નવસારી જિલ્લા શિક્ષણ અધિકારી જયેશભાઈ ચૌધરી મંડળના પ્રમુખ ઠાકોર કાકા ઉપપ્રમુખ પિનક શાહ મંત્રી જશુભાઈ નાયક અને સમગ્ર વ્યવસ્થાપક સમિતિએ જિલ્લા કક્ષાએ થયેલ આ અભિવાદન બદલ વિદ્યાર્થીને અભિનંદન પાઠવીને આ પરંપરા વર્ષો સુધી જળવાઈ રહેશે એવી શુભેચ્છા પાઠવી છે આ અવસરે હેનીના વાલી પણ ઉપસ્થિત રહીને પોતાની દીકરીને મળેલા અભિવાદનમાં શાળાના ફાળાની સરાહના કરી હતી

# આદિજાતિ સમાજના સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સમગ્ર દેશમાં નેતૃત્વ લીધું છે: ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા

**મહુવા ખાતે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષતામાં 'બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી**







કમલમ્, સુરત
સુરત જિલ્લાના મહુવા સુગર ફેકટરી ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને કરવામાંઆવી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે મહુવાના આદિવાસી વિસ્તારના જરૂરીયાતમંદોને વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય, તેમની ભાતીગળ સંસ્કૃતિ અને પરંપરાગત વિરાસતની પ્રતીતિ નવી પેઢીને થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજયનો આદિજાતિ સમાજ સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સમગ્ર દેશમાં નેતૃત્વ લીધું છે. આદિજાતિ સમાજના આર્થિક વિકાસ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, રસ્તા અને વીજળી જેવી આંતરમાળખાકીય સુવિધાઓ અને સેવાઓ સુદઢ આયોજન વડે પહોંચાડવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આદિવાસી સમાજનો દિવ્ય અને ભવ્ય ઈતિહાસ રહેલો છે. આઝાદીની લડતમાં અનેક આદિવાસીઓએ પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે. આ તકે તેમણે આદિવાસી સપૂત બિરસા મુંડા, માનગઢના મહાનાયકશ્રી ગુરુ ગોવિંદ એવા અનેક નવલોહિયા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનોને યાદ કર્યા હતા. સુમુલડેરીના ચેરમેનશ્રી માનસિંહ પટેલે જણાવ્યું કે, આદિવાસી જનનાયક બિરસામુંડાજીએ આદિજાતિના લોકો અને તેમના વર્ચસ્વ માટે અંગ્રેજોની મહાસત્તા સામે લડત આપી શહીદી વ્હોરી હતી. તેમને સૌ પ્રથમવખત ઓળખ આપવાની પહેલ ગુજરાતે કરી હતી. બિરસામુંડાજીએ આદિવાસીઓને સંગઠિત કરી તેમના વિકાસ માટે જે કાર્યો કર્યા હતા, તેને આગળ ધપાવવાનું મુખ્ય કાર્ય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અવિરત ચાલી રહ્યુંછે. જેથી તેમણે ગામેગામ સમગ્ર આદિવાસી સમાજે એકત્ર થઈ વધતા શહેરીકરણ સામે પોતાની સંસ્કૃતિ અને રીતભાતોનું સંરક્ષણ કરી આવનારી પેઢીને આપવાનું સત્કાર્ય કરવામાં સહર્ષ ફાળો આપવા અનુરોધ કર્યો હતો. આ અવસરે મહુવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શીલાબેન પટેલ, વાલોડ તાલુકા પંચાયત પ્રમુખશ્રીમતી વર્ષાબેન રાઠોડ, પ્રમુખશ્રી તાલુકાપંચાયત બારડોલી શ્રીમતી જમાનાબેન રાઠોડ, નાયબ કલેક્ટર અને પ્રાંત બારડોલી સુશ્રી જે એન પરમાર, જિલ્લા પંચાયત બાંધકામ સમિતીના અધ્યક્ષ શ્રી રાકેશભાઈ પટેલ, મામલતદારશ્રી મહુવા શ્રી એમ.બી.પટેલ, મામલતદારશ્રી વાલોડ શ્રી વાય.જી.પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય શ્રી જીનેશભાઈ ભાવસાર, શ્રી રીટાબેન પટેલ, ભાવેશભાઈ, ભુપેન્દ્રભાઈ કે ગામીત, તાલુકા વિકાસ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

